# પાલનપુર માલણ દરવાજા વિસ્તારમાં અનઅધિકૃત બાંધકામ સામે પાલિકાનું મૌન

## ૧૨ વર્ષ સુધી ભાડું ભરાયેલું ન હોવા છતાં લીઝ ટ્રાન્સફર કરાઈ મંજુરી વગર બાંધકામ થઈ રહ્યુ હોવાની રાવ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં સામાન્ય ચૂંટણીઓ આડે હવે ગણત્રીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પાલિકાના ચૂંટાયેલા ભાજપી સભ્યો પણ બે પાંદડે થવાની લ્હાયમાં નીતી નિયમોને અભરાઈએ ચડાવી પાલિકાના આર્થિક હીતોને નુકસાન પહોંચાડી રહ્યા હોવાની રાવ ઉઠી છે. શહેરના માલણ દરવાજા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે લીઝ ટ્રાન્સફર કરી અનઅધિકૃત બાંધકામ થયું હોવાની ફરીયાદ ઉઠી છે. ત્યારે પાલિકાના



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સત્તાધીશો પણ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાને બદલે માત્ર હંગામી મનાઈ હુકમ આપી પોતાની ફરજ પુરી કર્યાનો સંતોષ વ્યકત કરી રહ્યા હોવાની ચર્ચાઓને પગલે અનેક તર્ક-વિર્તક વહેતા થયા છે.

ભાજપ શાસિત નગરપાલિકાની ટર્મ પુરી થવાનો સમય જેમ-જેમ નજીક આવતો જાય છે. તેમ કૌભાંડોની હારમાળા સર્જાતી હોવાની રાવ ઉઠી છે. શહેરના માલણ દરવાજા વિસ્તારમાં સને ૨૦૦૩માં જે જગ્યા લીઝ પર આપવાનો ઠરાવ થયો હતો. જેનું છેલ્લા ૧૨ વર્ષનું ભાડું વસુલ થયું ન હોઈ તે લીઝ આપોઆપ કેન્સલ થઈ જતી હોય છે. પરંતુ કહેવાય છે કે, પાલિકાના સત્તાધીશોનો ડોળો પડતા આ જગ્યાનું બાર વર્ષનું ભાડું વસુલ લઈ લીઝ ટ્રાન્સફર કરાઈ હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. ત્યારે પાલિકાના અપક્ષ સદસ્ય ઈલ્લુ બાદશાહે પણ વહીવટદાર કે.ડી.લાખાણીના સમયમાં જે અનઅધિકૃત બાંધકામો દુર કરાયા હતા. તેને વેચી મારવાના રચાયેલા કારસા સામે રોષ ઠાલવી તેના સામે લડત આપવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

બાર-બાર વર્ષના વ્હાણા વાયા ત્યારે કેટલાય કારોબારી ચેરમેન આવ્યા અને ગયા પરંતુ વર્તમાન કારોબારી કમીટીને રાતોરાત કેમ આ લીઝ ટ્રાન્સફર કરવાનો વિચાર આવ્યો??? આ લીઝ ટ્રાન્સફર કરવા પાછળ છ આંકડાની રકમની લેતી-દેતી થઈ હોવાની ચર્ચાઓ વચ્ચે ત્અનેક શંકા-કુશંકાઓ થઈ રહી છે. ૨૫ બાય ૧૦ની એમ બે મળીને કુલ ૫૦૦ ફુટથી વધુ જગ્યા પર વળી મંજુરી વગર બાંધકામ થઈ રહ્યુ હોવા છતાં પાલિકાના વહીવટી વડા અને અમલીકરણ વડાની ચુપકીદી પણ નગરજનોને અકળાવી રહી છે. ત્યારે હવે જીલ્લા કલેકટર દીલીપકુમાર રાણા જ પાલનપુર નગરપાલિકાની જાહેર મિલ્કતોને પાણીના મુલે વેચી મારવાના આ કારસા સામે લાલ આંખ કરે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

# સભાસદોના ત્રાસથી વડવાસા દૂધ મંડળીના સેક્રેટરીએ ગળે ફાંસો ખાધો

## આત્મહત્યા માટે ૪ સભાસદો જવાબદાર હોવાની સ્યુસાઈડ નોટ મળી : દુધ મંડળીની ઓડીટ આવવાની હતી તે દિવસે જ અંતિમ પગલુ ભર્યું : ત્રણ સંતાનોના પિતા આર્થિક ભીંસમાં હોવાની લોકમુખે ચર્ચા

મોડાસા, તા ૩

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વડવાસા ગામની દુધ મંડળીના યુવાન સેક્રેટરીએ દુધ મંડળીના મકાનમાં જ ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આત્મહત્યા કરનારા સક્રેટરીએ સ્યુસાઈડ નોટમાં ગામના જ ચાર વ્યકતીઓ અને ડેરીના સભાસદો એવા ચાર વ્યકતીઓ જવાબદાર હોવાનો ઉલ્લેખ કરતાં પોલીસે આ મામલે ઉંડાણપુર્વક તપાસ હાથ ધરી કાર્યવાહી શરૂ કરી હતી.

### સ્યુસાઈડ નોટમાં ૪ સભાસદોના નામ આવતા અનેક તર્કવિર્તકો

જુના વડવાસા ના દુધમંડળી ના સેક્રેટરીએ કથિત રીતે લખેલી સય્સાઈડ નોટ માં પોતાના મોટ માટે દુધ મંડળી ના જ ૪ સભાસદો ને જવાબદાર ઠેરવ્યા હોવાનુ લખાણ દુધ મંડળી ના લેટરપેડ પર લખેલ સ્યુસાઈડ નોટ માં મળી આવી હતી આ વાત ગામ માં વાયુવેગે પ્રસરતા ઘટના સ્થળ ઉપર લોકો ના ટોળેટોળા ઉમટી પડયા હતા.

### પોલીસે આત્મહત્યાની દુષપ્રેરણાનો ગુનો નોધી ચાર વ્યક્તિની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા

જુના વડાવાસા ગામે આજે. દુધ મંડળી ના સેક્રેટરીએ ગળે ફાસો ખાઈ આત્મ હત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી ત્યારે બીજી બાજુ આ મૃતક ના ખીસામાંથી સ્યુસાઈડ નોટ મળી આવતા આ સ્યુસાઈડ નોટ માં ડેરી ના ચાર સભાસદો ધ્વારા અવારનવાર હિસાખ બાબતે ઉઘરાણી કરી માનસીક ત્રાસ આપતા પોતે આ પગલુ ભર્યુ હોવાનુ લખાણ લદી મોતને વ્હાલુ કર્યુ હતુત્યારે પોલીસે આ ચારેય વિરૂધ્ધ આત્મહત્ય માટે.દુષપ્રેરીત કર્યા નો ગુનો નોધી ધરપકડ ના ચક્રોગતિમાન કર્યા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા તાલુકાના વડવાસા ગામની દુધ મંડળીમાં ઘણા વર્ષોથી સેક્રેટરી તરીકે ફરજ બજાવતા ભાથીસિંહ સબસિંહ સોલંકી ઉમર વર્ષ ૩૬ શુક્રવાર ની સવારે સભાસદો દુધ મંડળી માં દુધ જમા કરાવીને જતા રહયા હતા ત્યારબાદ મંડળી થી ઘરે આવી ને ગ્રાહકો ને પગાર ચુકવવાનો હોવાથી પુનઃ દુધ મંડળી માં આવ્યો હતો ત્યારબાદ કોઈપણ સમયે તેણે દુધ મંડળી ની મકાન માં જ છત ના હુક સાથે દોરડુ બાંધી ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી આત્મહત્યફા કરતા અગાઉ સક્રેટરીએ દુધ મંડળી ના લેટરપેડ પર ચાર સભાસદો ના નામ લખી પોતાના મોત પાછળ તેઓને જવાબદાર ઠેરવ્યા હતા ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસ ને જાણ કરાતા પીએસઆઈ જે આર ઝાલા સ્ટાફ સહીત ઘટના સ્થળે દોડી આવી લાશ ને નીચે ઉતરાવી સ્યુસાઈડ નોટ ના આધારે પરમાર પરબતસિંહ, પરમાર બાબુસિંહ, ચૌહાણ વિક્રમસિંહ, ચૌહાણ દશરથસિંહ આ ચારેય વિરૂધ્ધ ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# બનાસડેરીની વાર્ષિક બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧

દૂધ સંપાદનમાં એશિયા ખંડમાં અને ઔદ્યોગિક ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ ગણાય છે. તેવી બનાસડેરીની ૪૭મી વાર્ષિક સાધારણ બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાની ૧૨૫૦ જેટલી દૂધ મંડળીના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠકમાં ડેરીના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# અરવલ્લી જીલ્લાના યુવા અગ્રણીઓ પ્રદેશ કોંગ્રેસના મંત્રીપદે નિમાયા

## અરવલ્લી જીલ્લામાંથી યુવા અગ્રણી અરૂણભાઈ પટેલ અને યુથ કોંગ્રેસના પ્રમુખ વનરાજસિંહ રાઠોડની ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં મંત્રી તરીકે નિમણુક કરાઈ

મોડાસા, તા ૩

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સચિવ તરીકે રાજયમાંથી ૨૨ કોગ્રેસી કાર્યકરોની વરણી કરી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાંથી બે યુવાન કોંગ્રેસી નેતાઓની પણ સચિવ તરીકે વરણી કરવામાં આવતા સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના કોંગ્રેસી કાર્યકરોમાં આનંદની લાગણી ફેલાઈ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગુજરાત રાજયમાં કોંગ્રેસ સચિવ તરીકે સ્થાન પામવા કેટલાય કોગ્રેસી કાર્યકરો થનગની રહયા હતા ત્યારે રાજયના કોગ્રેસ અગ્રણીઓએ સચિવ પદ માટેના લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરી રાષ્ટ્રીય કોગ્રેસ સમિતિમાં મોકલી આપ્યા બાદ કોગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધીએ આ યાદીને આખરી મંજુરી આપી હતી. જેમાં ગુજરાતમાં ૨૨ વ્યકતીઓને સચીવ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી જીલ્લાના બે યુવાન કોગ્રેસી -અગ્રણીઓ અરૂણભાઈ પટેલ અને વનરાજસિંહ રાઠોડની વરણી કરવામાં આવી હતી.

અરૂણભાઈ પટેલની કોગ્રેસમાં રાજકીય કારકીર્દીની વાત કરીએ તો એનએસયુઆઈ પ્રદેશ સહમંત્રી તરીકેથી શરૂઆત કરી હતી. સને ૨૦૦૨માં જીવણપુર ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા હતા. ત્યારબાદ સને ૨૦૦૫ અને ૨૦૧૦માં તાલુકા પંચાયત સદસ્ય તરીકે કોગ્રેસમાંથી ચુંટાઈ આવ્યા હતા અને ત્યારે બાદ સને ૨૦૧૧થી જીલ્લા પંચાયત સદસ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. જયારે હાલ અરવલ્લી જીલ્લા પંચાયતના વીરોધપક્ષના નેતા તરીકે બીરાજમાન છે અને તેમના કોંગ્રેસ પ્રત્યેની વફાદારી અને પક્ષ માટે કરેલી મહેનતનુ ફળ મળ્યુ હોવાથી કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

આજ રીતે સચિવ તરીકે પસંદગી પામેલા બીજા યુવાન ચહેરા ની વાત કરીએ તો વનરાજસિંહ રાઠોડ કે જેઓ ચીલોડા પાસે આવેલ ટાકાટુકા ગામના વતની છે સને ૧૯૯૭ થી ૨૦૦૦ની સાલ સુધી ભીલોડા તાલુકા યુથ કોગ્રેસના પ્રમુખ તરીકે કોગ્રેસમાં પોતાની કારકીર્દીની શરૂઆત કરી હતી. જ્યારે સને ૨૦૦૧ થી ૨૦૦૫ સુધી ભીલોડા કોગ્રેસના ઉપપ્રમુખ તરીકે સેવા આપેલી હતી. ત્યાર બાદ સને ૨૦૦૫ થી ૨૦૧૦ સુધી ભીલોડા તાલુકા સહમંત્રી તરીકે જવાબદારી નીભાવી હતી. જયારે ૨૦૧૦માં રાહુલ ગાંધી ધ્વારા યુથ કોંગ્રેસના નેતાઓની પસંદગીમાં ઈલેકશન કમિટીમાં દાખલ કરતાં વનરાજસિંહ રાઠોડે યુથ કોગ્રેસની ચુંટણીમાં ઝંપલાવ્યુ હતુ અને સાબરકાંઠા લોકસભાના પ્રમુખ તરીકે પસંદગી પામ્યા હતા ત્યારે કોગ્રેસ પ્રત્યેની તેમની નિષ્ઠા અને વફાદારીની કદર કરીને પાર્ટીએ ગુજરાત પ્રદેશ કોગ્રેસના સચિવ તરીકે નીમણુક કરતાં આનંદની લાગણી ફેલાઈ હતી.

# રણાસણ તબીબ દુષ્કર્મ કેસમાં ન્યાયિક તપાસ કરવા જિલ્લા પોલીસવડાને આવેદન અપાયું

તલોદ, તા. ૩

તલોદના રણાસણ ગામમાં વર્ષોથી દાક્તરી પ્રેકટીસ કરતા તબીબ ઉપર લાગેલો બળાત્કારનો આરોપ બેબનિયાદ હોવાનું પ્રદર્શિત કરવા આજે રણાસણ જડબેસલાક બંધ રહેવા પામ્યુ હતુ. રણાસણ ગામના નાનામા નાના પાન-ગલ્લા સહિતના તમામ ધંધા રોજગાર એકમોએ આજે જાણે કે સ્વયંભુ સદંતર બંધ પાડીને તેઓ તબીબની પડખે હોવાની લાગણી દર્શાવી હતી.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

રણાસણ ગામમાં વર્ષોથી દાક્તરી પ્રેકટીસ કરતા ડૉ. જતિન મહેતા સામે પ્રાંતિજના એક ગામની શાળામાં ધો. ૧૦માં અભ્યાસ કરતી બાળાએ પોલીસ ફરિયાદ નોંધાવીને દાવો કર્યો હતો તેણી ગત ફેબ્રુઆરી માસમાં પોતાની માતા સાથે રણાસણ ખાતે ટાઈફોઈડની તપાસ સારવાર કરાવવા ગઈ હતી ત્યારે ડૉક્ટરે તેણીને ઈંજેક્શન મુકીને બેભાન કરી હતી અને જ્યારે તેણી ભાનમાં આવી ત્યારે તેને જણાવ્યું હતું કે ડૉક્ટરે તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતુ.

કિશોરવયની બાળાની ફરિયાદને આધારે તલોદ પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરીને ડૉક્ટરની ધરપકડ કરી હતી બાદ તેઓને ગત રોજ નામદાર કોર્ટમાં રજુ કરી રિમાન્ડ માગ્યા હતા. જ્યાં કોર્ટે રિમાન્ડ ના મંજૂર કરી દઈ આરોપી તબીબને સબજેલમાં મોકલી આપવાનો હૂકમ કર્યો હતો.

આ કથિત બળાત્કારના આરોપી એવા તબીબ જતિન મહેતાના સમર્થનમાં આજે રણાસણ અને આસપાસના કેટલાક ગ્રામજનો પણ જોડાયા હતા. જેઓએ ડૉક્ટર દોષિત હોઈ જ ન શકે તેવો દાવો પેશ કરીને ડૉક્ટરને ન્યાય મળે તેવી લાગણી વ્યક્ત કરી હતી. સાબરકાંઠા જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# રામપુર ગામે પાગલ યુવકને ચોર સમજી ગ્રામજનોએ ઢીબી નાખ્યો

(બાબુભાઈ પટેલ),

ગાંધીનગર, ખેડા અને અરવલ્લી જિલ્લામાં અફવાઓએ આતંક પ્રસરાવ્યો છે. અરવલ્લી જિલ્લાના બાયડ અને ધનસુરા તાલુકાના ગામડાઓમાં રાત્રે ચોર-લુંટારાઓની ટોળકી ત્રાટકે છે. તેમજ અરવલ્લી જિલ્લામાં આતંકવાદીઓ ઘુસ્યા હોવાની અફવાઓના પગલે અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં ભયનો માહોલ પેદા થયો છે. ત્યારે ધનસુરા તાલુકાના રામપુર ગામે અર્ધપાગલ યુવકને આતંકવાદી સમજી પ્રજાજનો ઘેરા વળતાં અને આતંકવાદી પકડાયો હોવાની ઘટના સમગ્ર જિલ્લામાં ટોક ઓફ ધી ટાઉન બની હતી.

વા વાયાને નળીયુ ખસ્યુ, તે દેખીને કુતરૂ ભસ્યુ કોઈ કહે મેં દિઠો ચોર' જેવી ઘટના ધનસુરા તાલુકાના રામપુર ગામમાં બનતા ગ્રામજનોને હકીકતના અંતે રમુજ ફેલાઈ હતી. ધનસુરા તાલુકાના રામપુર ગામે પાગલ જેવો દેખાતો એક યુવાન શંકાસ્પદ સ્થિતિમાં ફરતો હોવાનું જાણવા મળતાં ગ્રામજનોમાં હડકંપ મચી ગયો હતો અને



અર્ધપાગલ યુવક અંગે અનેક તર્ક વિતર્ક ગ્રામજનોમાં થતાં અને આ યુવક અંગે ધનસુરા તાલુકામાં અનેક અટકળો શરૂ થવાની સાથે 'વોટસઅપ' પર આતંકવાદી ઘૂસ્યો, ધાડપાડુ ગેંગનો સભ્યો ફરતા હોવાની મેસેજ ફરતા થતાં અને ગ્રામજનોના મોબાઈલની ગંટડીઓ રણકતાં ગામની અને પંથકની સ્થિતિ વણસતી જોતા ગામના સરપંચે ધનસુરા પોલીસને જાણ કરતાં ધનસુરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી યુવાનને ઝડપી પાડી પોલીસ સ્ટેશને લવાયો હતો. ધનસુરા પોલીસે પ્રાથમિક તપાસ કરતાં આ યુવક અર્ધપાગલ હોવાનું જણાઈ આવતાં ધનસુરા તાલુકામાં અને રામપુર ગામમાં પ્રજાજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ધાનેરામાં ખુલ્લી ગટરમાં આખલો પડી જતા મોત

ધાનેરા, તા. ૩

બનાસકાંઠાના ધાનેરામાં આવેલી એક ખુલ્લી ગટરમાં આખલો પડી જતા આખલાનું મોત નીપજ્યું હતું અને આ ખુલ્લી ગટરને અડીને પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્ર પણ આવેલું છે જો આ ખુલ્લી ગટરમાં કોઈ બાળક પડી જાય તો તેના માટે જવાબદાર કોણ તો બીજી તરફ આ ઘટનાને લઈ પાલિકાના કર્મચારી લાજવાના બદલે ગાજી રહ્યા છે અને કહે છે કે ગટરમાં પડે તો મરે.

બનાસકાંઠાના ધાનેરાના નવા બસ સ્ટેન્ડ પાસે લાધાપુરા પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્ર આવેલું છે. જ્યાં મોટી સંખ્યામાં બાળકો અવરજવર કરે છે અને આ બંનેની વચ્ચેથી એક ગટર પસાર થાય છે અને તે પણ ખુલ્લી આ ગટરમાં આજે વહેલી સવારે એક આખલો પડી જતા આખલાનું મોત નીપજ્યું હતુ. જેથી લોકો કહી રહ્યા છે કે ધાનેરા પાલિકાએ આ ગટરનો કંઈક નિકાલ લાવવો પડે નહીંતર આ ખુલ્લી ગટરમાં કોઈ બાળક પડી જાય તો તેના માટે જવાબદાર કોણ..? તો બીજી તરફ આ ઘટનાની જાણ ધાનેરા નગરપાલિકાને કરતા પાલિકાના કર્મચારી દોડી આવ્યા હતા અને લાજવાના બદલે ગજવા માંડ્યા હતા અને કહી રહ્યા છે કે આ ગટરમાં પડે તે મરે હવે અહી સવાલ એ ઉભો થાય છે કે એક તરફ પાલિકાનિું તંત્ર સ્વચ્છતા ઝુંબેશ ચલાવી રહ્યું છે તો બીજી તરફ આપ જોઈ શકો છો કે ધાનેરા કેટલું સ્વચ્છ છે હવે જોવાનું એ રહે છે કે પાલિકા આ ખુલ્લી ગટરની શુ કાર્યવાહી કરે છે કે પછી આ ખુલ્લી ગટરમાં બાળકોને પડવાની રાહ જુવે છે તે તો આવનારો સમય જ બતાવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦